વર્લ્ડ ઈનબોક્સ એકેડમી અમદાવાદ
નવી જનરલ બેચ
એડમિશન શરૂ
- શ્રેષ્ઠ ફેકલ્ટીઝ દ્વારા શિક્ષણ
- ૩૦૦+ ટેસ્ટ (ડેઈલી+વિકલી+મંથલી+મોકટેસ્ટ)
- સ્માર્ટ બોર્ડ, એ.સી. ક્લાસ
- બદલાતી પરીક્ષા પધ્ધતિમાં અત્યંત ઉપયોગી પુસ્તકો/મટિરીયલ ફ્રી
- મોબાઈલ એપ (ડિજિ ક્લાસ) તદ્દન ફ્રી
427 RBS, ચોથો માળ, રત્ન બિઝનેસ સ્કવેર, આશ્રમ રોડ, એચ.કે. આર્ટ્સ કોલેજ સામે, એલિસબ્રિજ, અમદાવાદ
75 75 06 01 01

# અમદાવાદ ફ્રંટ પેજ

સૂર્યોદય કાલે 06.31
સૂર્યાસ્ત આજે 06.27

divyabhaskar.com | દિવ્ય ભાસ્કર, અમદાવાદ, સોમવાર, 1 ઓક્ટોબર, 2018 | 2

## પાર્કિંગનો પ્રશ્ન ન ઉકલ્યો તો સ્કૂટર ગરબા આ રીતે રમવા પડશે

# ‘હું તો મનમાં ને મનમા મૂંઝાણી મારી સૈ, ગરબા રમવા ગઈ તો ક્યાંય પાર્કિંગ નઈ’

આજે ફોટો ફર્સ્ટ



આ વર્ષે પાર્કિંગને મુદ્દે અમદાવાદીઓની નવરાત્રિના રંગમાં ભંગ પડવાની શક્યતા છે. હાઈકોર્ટના આદેશ પછી ટ્રાફિક પોલીસે અપનાવેલા કડક વલણને કારણે પાર્કિંગની પૂરતી વ્યવસ્થા નહીં ધરાવતા પાર્ટી પ્લોટ અને ક્લબોએ નવરાત્રિનું આયોજન માંડી વાળ્યું છે. જો ક્લબો અને પાર્ટી પ્લોટ પાર્કિંગની વ્યવસ્થા નહીં કરે તો નવરાત્રિનો આનંદ ઝૂંટવાઈ જશે. ‘દિવ્ય ભાસ્કર’એ પાર્કિંગની સમસ્યાને વાચા આપવા એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે. ગરબા રમતી વખતે વાહન ટો થઈ જવાનું ટેન્શન ન રહે તે માટે ખેલૈયાને ટુ વ્હીલર પર ગરબા રમતા દર્શાવાયા છે. 10 દિવસ માટે આ પ્રશ્નનું સુખદ સમાધાન શોધવું પડશે. ફોટો-ધવલ ભરવાડ

### કાર પાર્કિંગની વ્યવસ્થા

| ક્લબ | પોતાનું પાર્કિંગ | પ્લોટ |
|---|---|---|
| કર્ણાવતી ક્લબ | 400 | 700 |
| રાજપથ ક્લબ | 700 | 800 |
| નારાયણી ક્લબ | 500 | 1500 |
| સ્પોર્ટસ ક્લબ | 100 | 500 |
| વાયએમસીએ | 500 | 700 |

## સ્પેનિશ વોલ્ટ ટેક્નિક

# રિવરફ્રન્ટ ગાર્ડનમાં RCC, સળિયા વગરનું રાજ્યનું સૌ પ્રથમ રૂફ બનાવાયું



અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

રિવરફ્રન્ટ પરના વૃક્ષો મોટા ન થાય ત્યાં સુધી લોકો છાંયામાં બેસી શકે તે માટે સેપ્ટ યુનિવર્સિટીના ફેકલ્ટી ઉર્વિ શેઠ અને વિદ્યાર્થીઓએ સ્પેનિશ વોલ્ટ ટેક્નિકથી આરસીસી કે સળિયાના ઉપયોગ વગર ગુજરાતનું સૌ પ્રથમ રૂફ તૈયાર કર્યું છે. આ ટેક્નિક માટે કારીગરો ન મળતા ખાસ ટ્રેનિંગ અપાઈ હતી. રીવરફ્રન્ટ ગાર્ડનમાં તૈયાર કરાયેલા રૂફ પાસે લોકોને ટેક્નિક અંગેની માહિતી મળે તે માટેનું બોર્ડ પણ મુકાશે.

### સ્ટ્રક્ચર ભૂકંપ પ્રૂફ

આ સ્ટ્રક્ચર ભૂકંપ પ્રુફ છે. કારણ તે વજન પણ સહન કરી શકે છે. આ પ્રોજેક્ટ માટે ટાઈલ્સ મટિરિયલની સાથે પીઓપીનો પણ ઉપયોગ કર્યો છે. કચ્છના હુનરશાળાના આર્ટીઝનની પણ મદદ લીધી છે.

### રૂફ ત્રણ લેયરનું છે

રૂફ માટે સાત ફાઉન્ડેશન પોઈન્ટથી એક સાથે કન્સ્ટ્રક્શન થયું છે. પ્રથમ પ્લાસ્ટર ઓફ પેરીસનું એક લેયર તૈયાર કરાયું. રૂફમાં સેન્ડવીચની જેમ ટાઈલ્સના ત્રણ લેયર છે. પાયામાં પણ બ્રિક્સનો જ ઉપયોગ કરાયો છે.

# રિવરફ્રન્ટ હાઉસ પર મેટ્રો ટ્રેનનો કોચ રવિવારથી લોકો માટે ખુલ્લો મુકાશે

અમદાવાદ | અમદાવાદ મેટ્રોનો વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીનો 6.5 કિલોમીટરનો ટ્રાયલ



આયોજન • નારોલ બ્રિજને જોઈન્ટ આપી વિશાલા અને ત્યાંથી ઊજાલા સર્કલ સુધી લંબાવાશે

# નારોલથી ઊજાલા સર્કલ સુધી 12 કિલોમીટર લાંબો ઓવરબ્રિજ તૈયાર કરવા યોજના, ટૂંકમાં સરવે થશે